BHAVAN'S COLLEGE, DAKOR.

B.COM. SEMESTER – V

FINANCIAL MANAGEMENT - I

Paper Code : UB05CCOM22

નાણાંકીય સંચાલન

Prof. D. V. Surti

Unit : 4 Working Capital Management

કાર્યશીલ મૂડીનું સંચાલન

* **અર્થ :**

જયારે કાયમી મિલકતોમાં મૂડી રોકવામાં આવે છે ત્યારે તેને કાયમી મૂડી કહેવામાં આવે છે. પરંતુ જયારે કાચોમાલ, અર્ધ તૈયાર માલ, સ્ટોક, લેણાં અને રોકડ જેવી મિલકતોમાં રોકવામાં આવતી મૂડીને કાર્યશીલ મૂડી કહેવામાં આવે છે. આવી મિલકતોને ચાલુ મિલકતો પણ કહેવામાં આવે છે. ટૂંકમાં, ચાલુ મિલકતોમાં રોકાયેલી મૂડી એટલે કાર્યશીલ મૂડી.

ચાલુ મિલકતો એટલે જેનું એક વર્ષના ટૂંકા ગાળામાં રોકડમાં રૂપાંતર થતું હોય એવી મિલકતો. આ પ્રકારના રોકાણનું ટૂંકા ગાળામાં રોકડમાં રૂપાંતર થાય છે અને ફરી એ રોકડનું મિલકતોમાં રોકાણ કરવામાં આવે છે. આમ ચાલુ મૂડીનું સતત પરિવર્તન થયા કરે છે. આથી ચાલુ મુડીને ફરતી મૂડી કે તરતી મૂડી પણ કહેવામાં આવે છે.

કેટલાક લેખકો કુલ ચાલુ મિલકતોના સરવાળાને કાર્યશીલ મૂડી કહે છે, જયારે કેટલાક લેખકો ચાલુ મિલકતોમાંથી ચાલુ દેવાં બાદ કરવાથી જે રકમ આવે તેને કાર્યશીલ મૂડી કહે છે.

* **કાર્યશીલ મૂડીના ખ્યાલો :**

(૧) **કુલ કાર્યશીલ મૂડી (Gross Working Capital) :**

કેટલાક લેખકોના મત અનુસાર કાર્યશીલ મૂડી એટલે કંપનીની કુલ ચાલુ મિલકતો. તેમના મત અનુસાર ધંધાકીય કામગીરી દરમિયાન જેનું સ્વરૂપ બદલાતું રહે છે તે મિલકતોનું નાણામૂલ્ય કાર્યશીલ મૂડી દર્શાવે છે.

કાર્યશીલ મૂડી = કુલ ચાલુ મિલકતો

આ ખ્યાલ મુજબ પાકા સરવૈયામાં મૂડી બાજુ પર સ્થિર મૂડી અને કાર્યશીલ મૂડી હોય છે જયારે મિલકતોમાં કાયમી મિલકતો અને ચાલુ મિલકતો હોય છે. આથી કાર્યશીલ મૂડીને ચાલુ મિલકતો બરાબર ગણવામાં આવે છે.

સંચાલકોનો હેતુ એકમની પ્રવૃત્તિઓને સતત ચાલુ રાખવાનો હોય છે. તેથી તેમને કંપનીની કુલ મિલકતોમાં વધુ રસ હોય છે, ભંડોળના પ્રાપ્તિસ્થાનોમાં ખાસ રસ હોતો નથી. આથી કુલ ચાલુ મિલકતોનો ખ્યાલ સંચાલકો માટે વધુ ઉપયોગી નીવડે છે.

(૨) <u>ચોખ્ખી કાર્યશીલ મૂડી (Net Working Capital)</u> :

કેટલાક લેખકોના મત અનુસાર કાર્યશીલ મૂડી એટલે કંપનીની કુલ ચાલુ મિલકતો અને કુલ ચાલુ જવાબદારીઓ વચ્ચેનો તફાવત.

કાર્યશીલ મૂડી = ચાલુ મિલકતો - ચાલુ જવાબદારીઓ

ચાલુ મિલકતોમાં રોકડ, વેચાણક્ષમ જામીનગીરીઓ, લેણાં, લેણીહૂંડીઓ અને ઇન્વેન્ટરીનો સમાવેશ કરવામાં આવે છે. જયારે ચાલુ જવાબદારીઓમાં લેણદારો, દેવીહૂંડીઓ, નહિ ચૂકવેલા ખર્ચાઓ અને કામચલાઉ લોનનો સમાવેશ કરવામાં આવે છે.

કટોકટીના સમયમાં કાર્યશીલ મૂડીનો આ ખ્યાલ વધુ વાસ્તવિક બને છે. આવા સંજોગોમાં કંપની, ચાલુ જવાબદારીઓ પરના ચાલુ મિલકતોના વધારા પર આધાર રાખી શકે છે, કારણ કે આ રકમ પરત કરવાની કોઈ જવાબદારી કંપની પર હોતી નથી.

કાર્યશીલ મૂડીના માપ અને અર્થ અંગેની મુશ્કેલી દૂર કરવા માટે કુલ ચાલુ મિલકતોના ખ્યાલને કુલ કાર્યશીલ મૂડી અને ચાલુ મિલકતો અને ચાલુ જવાબદારી વચ્ચેના તફાવતના ખ્યાલને ચોખ્ખી કાર્યશીલ મૂડી તરીકે ઓળખવામાં આવે છે.

(3) કાયમી કાર્યશીલ મૂડી (Permanent/Fixed Working Capital) :

કંપનીમાં કેટલીક ચાલુ મૂડી કાયમી ધોરણે રોકાઈ રહે છે. કંપનીમાં ઓછામાં ઓછો અમુક કાચા માલનો સ્ટોક, અર્ધ તૈયાર માલનો સ્ટોક અને તૈયાર માલનો સ્ટોક રાખવો પડે છે, પગાર અને મજૂરી તથા અન્ય પરોક્ષ ખર્ચાઓ નિયમિત ચુકવવા પડે છે. જે માટે રોકડ જોઈએ. આ ઉપરાંત વધારાની કાર્યશીલ મૂડી ધંધાની જરૂરિયાત મુજબ એટલે કે મોસમ પ્રમાણે બદલાય છે. કાયમી કાર્યશીલ મૂડી બે પ્રકારની છે.

(અ) આરંભની મૂડી : દરેક ધંધામાં શરૂઆતના તબક્કે કેટલીક ચાલુ મૂડીની વ્યવસ્થા કરવી પડે છે, જેથી ધંધામાંથી નાણા મળે તે પહેલાની પોતાની જવાબદારીઓ અદા કરી શકાય. શરૂઆતમાં બેન્કમાંથી શાખ ના મળે, દેવાદારોને શાખ પર વેચાણ કરવું પડે, લેણદારોને તાત્કાલિક નાણા ચુકવવા પડે વગેરે માટે નાણાની વ્યવસ્થા શરૂઆતમાં જ કરવી પડે છે.

(બ) નિયમિત કાર્યશીલ મૂડી : ધંધાને નિયમિત ચાલુ રાખવા માટે ચાલુ મૂડીની જરૂર રહે છે. નિયમિત ધંધા માટે કેટલીક રકમ કાચા માલમાં, અર્ધ તૈયાર માલમાં અને તૈયાર માલમાં રોકવી જ પડે છે. આમ, ચાલુ મિલકતોનો ચાલુ દેવાં પરનો વધારો એટલે આવી નિયમિત કાર્યશીલ મૂડી. જો આવી પૂરતી મૂડી હોય તો ધંધો સરળતાથી ચલાવી શકાય છે.

(૪) <u>પરિવર્તનશીલ કાર્યશીલ મૂડી (Fluctuating Working Capital)</u> :

સામાન્ય રીતે મોટા ભાગની કંપનીઓમાં કેટલીક મોસમી માગ અને વિશિષ્ટ સંજોગો મુજબની માગને પહોંચી વળવા વધારાની કાર્યશીલ મૂડીની જરૂરિયાત રહે છે. પરિવર્તનશીલ કાર્યશીલ મૂડી બે પ્રકારની છે.

(અ) <u>મોસમી કાર્યશીલ મૂડી</u> : કેટલાક ધંધાઓમાં અમુક ચોક્કસ મોસમમાં વધારાની કાર્યશીલ મૂડીની જરૂર રહે છે. દા.ત. બિસ્કીટ બનાવતી કંપનીએ અમુક જ મોસમમાં ઘઉં ખરીદી લેવા પડે. તેના સંગ્રહની વ્યવસ્થા કરવી પડે. આ હેતુ માટે કામચલાઉ ધોરણે નાણાની વ્યવસ્થા કરવી પડે છે.

(બ) <u>ખાસ કાર્યશીલ મૂડી</u> : જયારે ધંધામાં ખાસ સંજોગો ઉભા થાય ત્યારે વધારાની કાર્યશીલ મૂડીની જરૂરિયાત પડે છે. તેથી અણધારી જરૂરિયાત માટેની નાણાની વ્યવસ્થા હોવી જોઈએ. દા.ત. ખાસ પરિસ્થિતિમાં માંગ વધે (યુધ્ધ ફાટી નીકળે), એકાએક મંદી આવી પડતા નાણાની તંગી ઊભી થાય, ભાવો વધવા માંડે ત્યારે કાચા માલનો સ્ટોક કરી રાખવા વધારાના નાણાની જરૂર પડે, હડતાલ કે કુદરતી આપત્તિને કારણે વધારાના નાણાની જરૂર પડે છે.

* કાર્યશીલ મૂડીના પ્રાપ્તિસ્થાનો :

(૧) શેરમૂડી દ્વારા

(૨) ડિબેન્ચર દ્વારા

(૩) નફાના પુનઃ રોકાણ દ્વારા

(૪) વેપારી બેંકો

(૫) નાણાંકીય સંસ્થાઓ

(૬) ધંધાના લેણદારો

(૭) જાહેર થાપણો

(૮) દેશી શરાફો અને શાહુકારો

(૯) નાગરિક સહકારી બેંકો

* કાર્યશીલ મૂડીનું પ્રમાણ(જરૂરિયાત) નક્કી કરતાં પરિબળો :

(૧) ધંધાનું સ્વરૂપ કે ધંધાનો પ્રકાર
(૨) ધંધાનું કદ
(3) ઉત્પાદનચક્ર
(૪) ધંધાકીય ઉથલપાથલ કે વધઘટ
(૫) ઉત્પાદન નીતિ
(૬) એકમની શાખનીતિ
(૭) શાખ પ્રાપ્યતા
(૮) વિકાસ અને વિસ્તરણ
(૯) નફો અને નફાની વહેંચણી
(૧૦) સ્ટોક ચલનદર
(૧૧) ભાવ સપાટીમાં ફેરફાર
(૧૨) એકમની કામગીરીની કાર્યક્ષમતા
(૧૩) રોકડની જરૂરિયાત
(૧૪) ઉત્પાદન પડતરમાં કાચા માલનું મહત્વ

* કાર્યશીલ મૂડીની જરૂરિયાતના અંદાજના દાખલા :

* કાર્યશીલ મૂડીના કાર્યકારી ચક્રના દાખલા :

* THANK YOU *